પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૫૬ | ૯ માર્ચ, ૨૦૨૦, સોમવાર; ફાગણ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# યસ બેન્કના સ્થાપક રાણા કપૂરની ધરપકડ

**ડીએચએફએલ સંલગ્ન મની લોન્ડરિંગ કેસમાં ઇડીની કાર્યવાહી : ૨૦ કલાકની પૂછપરછ બાદ રાણા કપૂરની ધરપકડ : તેમની પર ડીએચએફએલને ૩૭૦૦ કરોડની લોન આપી કાર્યવાહી ન કરવા માટે પૈસા લીધા હોવાનો આક્ષેપ : કોર્ટે ૧૧ માર્ચ સુધી ઇડી કસ્ટડીમાં મોકલ્યા : વધુ ચોંકાવનારા ખુલાસા થશે**



મુંબઇ,તા.૮

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ રવિવારે સવારે દીવાન હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ (ડીએચએફએલ) સાથે સંલગ્ન મની લોન્ડરિંગ કેસમાં નાણાંકીય સંકટથી ઝઝૂમી રહેલી યસ બેંકના ફાઉન્ડર રાણા કપૂરની ધરપકડ કરી લીધી છે. ઈડીના અધિકારીઓએ રાણા કપૂરની લગભગ ૨૦ ક્લાક સુધી પૂછપરછ કરી હતી. તેઓ પુછપરછમાં સહયોગ આપી રહ્યાં ન હતા. બાદમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ બાદ રાણા કપૂરને આજે સવારે પ્રીવેંશન ઓફ મની લોન્ડ્રિંગ એક્ટ કોર્ટ એટલે કે પીએમએલએ કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા. કોર્ટે તેમને ૧૧ માર્ચ સુધીની ઈડીની કસ્ટડીમાં મોકલી આપ્યા છે.

ઈડીએ શનિવારે રાણા કપૂરના વરલી સ્થિત સમુદ્ર મહેલ નિવાસસ્થાન પર તેની તપાસ ચાલુ રાખી હતી. ઈડી તપાસ કરી રહી છે કે યસ બેંકના પ્રમોટર રાણા કપૂર અને તેની બે પુત્રીની ડમી કંપની અર્બન બેંક વેન્ચર્સને કૌભાંડકારો પાસેથી ૬૦૦ કરોડ રૂપિયા મળ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## મહિલા વર્લ્ડકપમાં ભારતને હરાવી ઓસ્ટ્રેલિયા પાંચમી વાર ચેમ્પિયન

**ટી-૨૦ ફાઇનલમાં ઓસ્ટ્રેલિયા ભારતને ૮૫ રને હરાવ્યું : ઓસ્ટ્રેલિયાના ૧૮૫ રનના લક્ષ્યાંક સામે ભારત માત્ર ૯૯ રનમાં જ ઓલઆઉટ**



મેલબર્ન,તા.૮

આઈસીસી મહિલા ટી-૨૦ વર્લ્ડ કપ જીતવાનું સપનું ટીમ ઈન્ડિયા માટે ફરી અધુરું રહી ગયું છે. ઓસ્ટ્રેલિયા એ ટૉસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ઓસ્ટ્રેલિયાના ખેલાડીઓએ બેટિંગમાં કૌવત દર્શાવતા ૨૦ ઓવરના અંતે ૪ વિકેટ ગુમાવીને ૧૮૪ રનનો વિશાળ સ્કોર ખડકી દીધો હતો. ૧૮૫ રનનો ટાર્ગેટનો પીછો કરવા ઊતરેલી ભારતીય ટીમ દબાણમાં હોય તેવું લાગી રહ્યું હતું. ભારતે ૩૦ રનમાં જ ૪ વિકેટ ગુમાવી દેતાં પ્રેશરમાં આવી ગઈ હતી અને આ નુકસાન તેમને મેચ હાર સુધી લઈ ગયું હતું. ભારતની આખી ટીમ ૧૯.૧ ઓવરમાં ૯૯ રને ઓલઆઉટ થઈ જતાં ઓસ્ટ્રેલિયા રને ફાઇનલ મેચ જીતીને પાંચમી વાર ચેમ્પિયન બની છે.

● અનુસંધાન પાન-૭ પર

# ભારતમાં કોરોનાના વધુ છ કેસ

**કેરળમાં વધુ પાંચ અને તમિળનાડુમાં એક કેસ પોઝિટિવ આવ્યો : કોરોનાને રોકવા માટે દેશના વિવિધ ભાગોમાં પગલા છતાં કેસોની સંખ્યામાં વધારો : વધુ તકેદારી રાખવાની જરૂર : મોટી સંખ્યામાં દર્દી નિરીક્ષણ હેઠળ**

નવી દિલ્હી,તા. ૮

દેશમાં પણ કોરોના વાયરસના કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. આજે કેરળમાં પાંચ અને તમિળનાડુમાં એક પોઝિટિવ કેસ સપાટી ઉપર આવતા ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. આની સાથે જ દેશમાં હજુ સુધી કોરોનાથી ગ્રસ્ત પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૪૦ ઉપર પહોંચી ગઈ છે. અનેક શંકાસ્પદ લોકો નજર હેઠળ છે જેમના પરિણામની રાહ જોવામાં આવી રહી છે. શનિવારે જમ્મુ કાશ્મીરમાં કોરોના વાયરસનો પ્રથમ પોઝિટિવ કેસ આવ્યો હતો. કેરળના આરોગ્યમંત્રી કેકે સેલજાએ કહ્યું છે કે, કોરોના વાયરસથી પીડિત પાંચ લોકોને આઈશોલેશન વોર્ડમાં રાખવામાં આવ્યા છે. આ તમામ મામલા પથાનામથીટ્ટા જિલ્લામાં નોંધાયા છે. અહીં હાલમાં જ ત્રણ લોકો ઈટાલીથી પરત ફર્યા છે. તેમને કોરોનાની અસર હતી. અન્ય બે લોકો તેમના સંપર્કમાં આવવાથી કોરોનાના સકંજામાં આવી ગયા છે. ભારત સરકાર આ વાયરસને ફેલાતા રોકવા પગલા લઈ રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## મે મહિનાના અંત સુધીમાં ભારતને ચાર રાફેલ જેટ મળી જશે : રાજનાથ સિંહ

ન્યુ દિલ્હી,તા.૮

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું છે કે મે મહિનાના અંતિમ સપ્તાહમાં ચાર રાફેલ ફાઈટર જેટ ભારત પહોંચી જશે. ત્યારબાદ પ્રત્યેક દોઢ મહિને એક જેટ મળશે. ભારતે ફ્રાંસથી ૩૬ રાફેલ લડાકુ વિમાન ખરીદ્યા છે. શનિવારે નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં સંરક્ષણ પ્રધાને કાશ્મીર અને ચીનને લઈ સ્થિતિ સામાન્ય બની હોવાનો દાવો કર્યો હતો. ઝછછને લઈ તેમણે કહ્યું કે આ કાયદો કોઈ ભારતીયને અસર કરતો નથી. રાજનાથે કહ્યું- કાશ્મીરમાં સ્થિતિ સામાન્ય છે અને વર્તમાન પરિસ્થિતિમાં ભારત તેના ઉત્તરી પડોશી (ચીન)ને લઈ કોઈ જોખમ ધરાવતો નથી. જોકે, ભારત અને ચીન વચ્ચે સીમાને લઈ વૈચારીક મતભેદ છે, પણ આપણા સંબંધોમાં સુધારો થયો છે.

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ



ફ્રી કેમ્પ દર ગુરૂવારે

જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર

હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટે:૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧

સૌજન્ય :

SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

## ઉત્તરપ્રદેશમાં તોફાનીઓના ફોટાવાળા હોર્ડિંગ લગાડવા મામલે હાઈકોર્ટ લાલઘુમ

**ફોટા સાથેના હોર્ડિંગો જાહેરમાં લગાડવા બદલ હાઈકોર્ટે યુપી સરકારનો ખુલાસો માંગ્યો**




લખનૌ,તા.૮

સીએએના વિરોધમાં યુપીમાં હિંસા કરનારાઓના ફોટા સાથેના હોર્ડિંગો જાહેરમાં લગાડવા બદલ હાઈકોર્ટે યુપી સરકારનો ખુલાસો માંગ્યો છે.

હાઈકોર્ટમાં યોગી સરકારની આ કાર્યવાહી સામે થયેલી પિટિશન બાદ હાઈકોર્ટે લખનૌના પોલિસ કમિશ્નર અને કલેક્ટરને કોર્ટ સમક્ષ હાજર રહેવાનો હુકમ કરીને ખુલાસો માંગ્યો છે કે, કઈ જોગવાઈ હેઠળ આ પ્રકારના હોર્ડિંગ લગાડવામાં આવી રહ્યા છે. હાઈકોર્ટનુ માનવુ છે કે, કોઈ પણ વ્યક્તિની સંમતિ વીના તેના ફોટોગ્રાફ વાળા હોર્ડિંગ લગાડવા એ રાઈટ ટુ પ્રાઈવસીનુ ઉલ્લંઘન છે. યુપી સરકારે તોફાનીઓને સરકારે જાહેર સંપત્તિને થયેલુ

● અનુસંધાન પાન-૭ પર

## કચ્છમાં પાકિસ્તાન માટે જાસૂસી કરવારના આરોપમાં ૪ની ધરપકડ

કચ્છ,તા.૮

પાકિસ્તાનના ઈશારે સેનાના ઠેકાણાની માહિતી આપવાના આરોપમાં કચ્છ પશ્ચિમ પોલીસે ચાર શખ્સોની ધરપકડ કરી છે. કચ્છમાં આવેલા નલિયાના એરબેઝની જાણકારી અને તેના ફોટોગ્રાફસ પાકિસ્તાનને સપ્લાય કરવાના આરોપમાં આ ચાર શખ્સો ઝડપાયા છે. પોલીસે ઝડપેલા ચારેય શખ્સો કચ્છના અબડાસા તાલુકાના રહેવાસી છે. જેમાંથી એક સગીર છે.

**નલિયાના મુથાળા એરબેઝમાં ફોટો અને વીડિયો પાડતા એરફોર્સના અધિકારીઓએ ઝડપી પાડ્યા હતા**

કચ્છ પશ્ચિમ પોલીસે આ મામલે અબડાસા તાલુકાના મંજલના રહેવાસી રફીક મામદ આજમ ઉં.વ ૨૩ રહે રેલડિયા, અબ્બાસ દાઉદ પઢીયાર ઉ.વ. ૧૮ રહેવાસી નુંધાતળ અબડાસા અનને અરબાઝ ઈસ્માઈલ સુમરા ઉ.વ. ૨૦ રહે બુકેરા ફળીયું નલીયાની ધરપકડ કરી છે. આ ઉપરાંત એક સગીર આરોપી પણ ઝડપાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ આ ચારેય શખ્સો વિરુદ્ધ નલીયા એરફોર્સના અધિકારીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી કે કેટલાક સંદીગ્ધો નલીયા એરફોર્સ બેઝની શંકાસ્પદ ફોટોગ્રાફી કરી રહ્યા છે. આ ફરિયાદના આધારે કચ્છ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી છે.

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા




₹51*/1 L

અમૂલ

ટી - સ્પેશ્યલ દૂધ

*MRP (incl. of all taxes). Transportation and cooling charges included. Conditions apply
For any clarification please contact us on Ahmedabad and Saurashtra : 079 - 23969055 / 56 / 57

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી



જન્મ તેનું મૃત્યુ, ઉદય તેનો અસ્ત એ કુદરતી પ્રક્રિયા સનાતન સત્ય હોવા છતાં કેટલાય મૃત્યુ એવા છે કે જેના ઘાવ જલ્દી રૂઝાતા નથી.
એવો જ એક સદ્‌ગત આત્મા આપની પાસે આવ્યો છે.

પ્રભુ આ આત્માને શાશ્વત અને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. અ.સૌ. શ્રીમતી જશોદાબેન બાબુલાલ સુથાર

દેહ વિલય : ફાગણ સુદ પૂનમ (હોળી) ૨૦૧૪

બાબુલાલ જે. સુથાર

મંત્રીશ્રી, શ્રી વિશ્વકર્મા પ્રગતિ મંડળ, કલોલ

જીગર - અમી | સુદિપ - બિજલ | નિકુંજ - અર્ચના
માનુષી - હિયા | જીયાંશ | જૈનિશ - કાર્તિક

HOLI special

માવા ગુંજીયા



Prem Ni Mithaas

Buy Sweets Online on premnimithaas.com

Sector - 11 | Sector - 21 | Sector - 29,(gh6.) | Raisan | Kudasan | No : 1800 233 0999